# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

તરફડાટ છે સત્તાનો કોંગી હવે જંગે છે,
પચ્ચીસ ટકા મતની ભૂખે 'એમની' સંગે છે,
ઢંગ નથી કેન્દ્રના તંગ કરે ખૂબ ખાયકી -
ભાંગે છે એકતા ને શાંતિ કોમવાદી રંગે છે..
(લઘુમતિ સંમેલન)

## હાઇકુ

'તાંદુલ' હપ્તો
ન દે તો ખાય માર -
'સુદામો' પણ..

લ્યો! શોધી દીધાં!
- મળી ગયેલાં બાળ..
પાંત્રીસ મળ્યાં..

## ચિંતન

**અભિવાદન શીલસ્ય નિત્યં વૃધ્ધોપસેવિનઃ ।**
**ચત્વારિ તસ્ય વર્ધન્તે આયુઃ વિદ્યા યશઃ બલમ્ ॥**

'જે માણસ સદાચારી, વિવેકી અને નમ્ર છે અને વૃધ્ધો તથા વડીલોની સેવા કરતો રહે છે, તેનાં આયુષ્ય, વિદ્યા, કિર્તિ અને બળમાં વૃધ્ધિ થાય છે, મતલબ કે આ ચારેય પ્રકારનાં સદ્ભાગ્ય તેને પ્રાપ્ત થાય છે.'

વૈદિક ધર્મમાં આચાર-વિચાર પર ખૂબ જ ભાર મૂકવામાં આવે છે. શીલ-સદાચાર-સત્-ચારિત્ર્ય ને અગ્રતા આપવામાં આવી છે. માણસના વાણી, વર્તન અને વિચારમાં એકરૂપતા હોવી જોઇએ, ઘરમાં, અને ઋષિઓનાં ગુરૂકુળમાં, અને સામાન્ય જન સાથેનાં વ્યવહારમાં પહેલાં વાણી-આચાર અને વિચારનું એકરૂપતાનું મહત્ત્વ સમજાવવામાં આવતું હતું.

વિદ્યાર્થીઓ પણ મૂલ્યો અને સત્યોનો આદર કરી નિષ્ઠાપૂર્વક અભ્યાસ અને આચરણ કરતા હતા. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનાર એક-એક યુવાન પાસે એવી આશા રાખવામાં આવતી હતી કે તે ગુરૂકુળમાં મેળવેલા જ્ઞાનને સાર્થક કરે અને એ પ્રમાણે જ જીવન-વહેવારમાં જ્ઞાનનો ઉપયોગ કરે.

આજકાલ સદાચાર-વિવેક-નમ્રતા અને વડીલો પ્રત્યે આદર તો રહ્યો જ નથી. સપ્તપદીના નિયમો હવે માત્ર કંકોત્રીની શોભા માત્ર. બાકી યુવા-દંપતિઓનું વ્યવહારિક આચરણ શૂન્ય જેવું જ છે.

આયુષ્ય-વિદ્યા-કીર્તિ અને બળની વૃધ્ધિ માટે પણ મૂલ્યલક્ષી સદાચારી જીવન જીવવું જોઇએ.

## સુવિચાર

- આ સમસ્ત સંસારમાં પ્રાણીઓ સ્વતંત્ર અને સ્વાભાવિક જીવન જીવવા માટે આવ્યાં છે તેને આપણા સ્વાર્થ માટે કરીને કષ્ટ આપવું એ પાપ છે **- તિલક**
- જેમ આગથી આગ ઓલવાતી નથી તેમ પાપથી પાપ ધોવાતાં નથી **- ટોલ્સટોય**
- પોતાની જાતને તુચ્છ ગણવી એ પાપ છે **- વિવેકાનંદ**
- કોઇ પણ કાર્ય 'પાપ' કે 'પુણ્ય' હોતું નથી પણ તેના કર્તા - કરનારના ઇરાદા-ભાવના-વિચારદૃષ્ટિ પર તેનો આધાર છે **- સ્વામી રામતીર્થ**
- એક વખત પાપના ખાડામાં પડ્યા પછી તેમાંથી બહાર નીકળાતું નથી એમાં ઊંડા ને ઊંડા ગરક થઇ જવાય છે **- પ્રેમચંદ**
- જે પાપમાં પડે છે તે મનુષ્ય, પાપમાં પડ્યા પછી પણ અભિમાન કરે તે રાક્ષસ, પણ પાપમાં પડ્યા પછી પશ્ચાતાપ કરે તે સજ્જન-સંત **- કૂબેર**

## બોધ કથા

ઇશ્વરમાં સંપૂર્ણ શ્રધ્ધા-વિશ્વાસ સાથે સમર્પણ હોય તો ઇશ્વર કોઇ પણ રીતે મદદ કરે જ છે અને એનામાં મૂકેલી શ્રધ્ધા પરિપૂર્ણ કરે જ છે.

એકવાર બાદશાહ અને બીરબલ જંગલમાં શિકાર કરવા ગયા. કેમ્પના તંબૂ પાસે ઘોડા બાંધી ગાઢ જંગલમાં ગયા. પણ જંગલમાં દિશા ભૂલી ગયા. ચાલી ચાલી અટવાયા ભૂખ્યા થયા. બાદશાહે નમાઝના ટાઇમે નમાજ કરી. બીરબલ જાપ કરવા બેઠો.

બાદશાહ કહે દૂર કંઇક ઝૂંપડી જેવું દેખાય છે ત્યાં જઇએ તો કંઇક ખાવાનું મળે. બીરબલ કહે, મને મારા 'રામ' માં વિશ્વાસ છે એ મને અહીં જ ખાવાનું પહોંચાડશે.

બાદશાહ કહે - ભગવાન, જે પુરૂષાર્થ કરે એને જ મદદ કરે છે. તૂં અહીં બેઠો જાપ કરીશ તો કંઇ નહીં મળે. એમ કહી પગ પછાડી બાદશાહ તો એકલો નીકળી પડ્યો. બીરબલે જાપ શરૂ કર્યા..

બાદશાહ નજીક દેખાતાં ઝૂપડાંમાં પહોંચ્યો પ્રજાએ તેમને ઓળખી લીધો. આગતા-સ્વાગતા સાથે ભોજન દીધું. બાદશાહે પેટ ભરી જમ્યા પછી બીરબલ માટે પણ ટીફીન ભરાવ્યા. બીરબલ પાસે જઇ રાજાએ મજાકમાં પૂછ્યું કેમ! તારા ભગવાને ખાવાનું મોકલ્યું?

બીરબલે એક આંખ ખોલી ટીફીન જોઇ લીધું હતું. તે કહે - રામે મને હમણાં જ કાનમાં કહ્યું બાદશાહ સાથે તારું ભોજન મોકલું છું આરામથી ખાઇ લે જે!

બાદશાહ ચૂપ થઇ ગયા.

# કજરીનું જીવન બે છેડે બંધાયેલું છે, તેનો એક છેડો સવારે ગામની નિશાળ સાથે જોડાયેલો છે તો બીજો છેડો તેના બાપુ અને જંગલ સાથે બંધાયેલો છે

**નવાં કલેવર**
**- નટવર હેડાઉ**

ડુંગરોની વચ્ચે એક નદી વહે છે. તેની નજીકમાં જ એક ખૂબ મોટું ગાઢ જંગલ છે. નદીના વહેણની સાથે સાથે જંગલ પણ હરિયાળું થઇ વધતું જાય છે. જાણે કે બંને એક સૂરે આલાપ કરી રહ્યાં હોય એવું છે. ત્યાં પાછળની તરફ એક રસ્તો છે. જેની મારે ચારે બાજુ વગડાઉ ફૂલોનો ગાલીચો બિછાવ્યો હોય તેવું સુંદર દૃશ્ય લાગે છે. આ રસ્તો ગામની તરફ જાય છે. અમે જયાં જંગલ પૂરૂં થાય છે. તેના ખૂણા પર એક નાની ઝૂંપડી છે. જે ગાર માટી અને વાંસમાંથી બનાવેલ છે. આ ઝૂંપડીમાં કજરી તેના બાપુ સાથે રહે છે. કજરી નમણી અને રૂપાળી છે. તેની અણીદાર આંખો હરણી જેવી લાગે છે. તેના હોઠ પર રમતું સ્મિત મન મોહક છે. તે રંગે રૂપે ખિલતા વગડાઉ ફૂલ જેવી છે. તેનું ઘર ગામથી થોડે જ દૂર છે. પણ તેને તો જંગલની નજીક બનાવેલી ઝૂંપડીમાં જ રહેવું ગમે છે. કારણ કે તેને એવું લાગે છે કે જંગલ એક દેવતા છે. આ એની માત્ર માન્યતા નથી પણ એક અટલ સત્ય છે કે જંગલની દરેક ચીજ, પર્ણોને ફૂલો, વૃક્ષોને વનસ્પતિઓ ખરા અર્થમાં જીવનદાતા છે. એ જ તેમને દરેક મુસીબતમાંથી બચાવે છે.

કજરીનું જીવન બે છેડે બંધાયેલું છે. તેનો એક છેડો સવારે ગામની નિશાળ સાથે જોડાયેલો છે તો બીજો છેડો તેના બાપુ અને જંગલ સાથે બંધાયેલો છે. તે સવારમાં ભડભાંખળું થાય ત્યાં જાગી જાય છે. અને જલ્દી જલ્દી બધાં કામ આટોપી લે છે. તેના બાપુ જંગલમાંથી ઝાડના સૂકાં ડાળી ડાખળાં ભેગાં કરી લાકડાની ભારી બનાવી લઇ આવે છે. તેની સાથે સાથે એ ઘણી વખત જંગલમાંથી ફૂલ અને ફળો પણ લઇ આવે છે. તેનું ધ્યાન આખો દિવસ જંગલની દેખભાળ અને સાચવણીમાં રહે છે. બાપુ ઘણીવાર થોડું થોડું કરીને પોતાનું કામ કરે છે તો કયારેક કજરીને પણ સાથે લઇ જાય છે. ઘણીવાર કામ વધારે હોય તો ગામના અમુક લોકોને પણ સાથે લઇ લે છે. અને કામ પૂરૂં કરે છે. એ જ રીતે એમની જિંદગી વીતે છે. કજરી સવારે બાપુને ખાવાનું ખવડાવીને પોતે તૈયાર થઇ નિશાળે જવા નીકળી પડે છે.

એજ રીતે એક દિવસના તે બાપુ માટે ખાવાનું બનાવતી હતી ત્યારે તેમણે કજરીને કહ્યું, 'બેટા કજરી, આજે તું મારી સાથે જંગલમાં ચાલ, ત્યાં સસલાંના બચ્ચાંને દાણા-પાણી દેજે. વળી જંગલમાં મોટાં મોટાં ઝાડોની નીચે સૂકાં પાદડાંનાં ઢગલાં થઇ ગયા છે. તે સાફ કરવા છે. આપણે એ પાદડાંના પોટલાં બનાવી લઇશું. પછી એક એક કરીને આપણી ઝૂંપડીએ લઇ આવીશું. જે આપણને કામ લાગશે.'

હાં બાપુ, હું પણ આજ તમારી સાથે આવું છું, કારણ કે મારે જંગલમાંથી જંગલી બોર અને બીજા ફળ લાવવાં છે.

'સારું બેટા પણ જરા ઉતાવળ કરજે, તારે નિશાળે પણ જવાનું છે, ખરું ને!'

'હાં - બાપુ' કહેતાં એ તૈયાર થઇ કછોડો વાળતી બાપુની સાથે ચાલી નીકળી. બંને જંગલની પગદંડી પર ચાલવા લાગ્યાં. અહીં રસ્તામાં મોટાં મોટાં ઘટાદાર વૃક્ષો અને અનેક જાતની વનસ્પતિઓનાં છોડવાઓ તેમજ વેલાઓ એવી રીતે અડાબીડ ફેલાયેલા હતા કે તેને જોઇ બંને આશ્ચર્યચકિત થઇ ગયાં. થોડાં જ દિવસોમાં જંગલ કેવી ખીલી ઉઠ્યું હતું તે જોઇને બંનેની આંખોને વિશ્વાસ જ થતો ન હતો. રસ્તામાં નાનાં નાનાં હરણ કૂદકાં મારતાં હતાં. ત્યારે તેમણે જોયું કે નજીકનાં મોટા રસ્તા પરથી જિપ્સીમાં કેટલાંક લોકો ઝડપભેર જઇ રહ્યાં છે. કજરીનું હૃદય જોર જોરથી ધબકારા લેવા લાગ્યું. કેમ કે, તેને ખબર હતી કે આ લોકો કાયમ જંગલમાં ગેરકાયદેસર શિકાર કરવા આવે છે. એ લોકો રાતે હરણોને મારીને લઇ જાય છે. અને તેની સારી કિંમત ઉપજાવે છે. કજરીએ બાપુને કહ્યું, 'બાપુ જુઓ, આ લોકો તો જંગલની પાછળ જ પડી ગયાં છે. જયારે જૂઓ ત્યારે આવીને જાનવરોને મારી નાંખે છે. અને તેનાં ચામડાં વેચી દે છે. કયારેક કયારેક ચોરી કરી ઝાડ પર કાપીને લાકડાં લઇ જાય છે.'

'હાં, બેટા, જરા ઉતાવળી ચાલ. આપણે આપણું કામ પતાવી જતાં જંગલમાં ચોકીયાતને જાણી કરી દઇશું. એ તેના અધિકારીને જાણ કરશે જેથી આ લોકોને પકડી તેઓ તેમની કાર્યવાહી કરશે.'

'બાપુ આ અગાઉ મેં ઘણી વખત આ લોકોની જિપ્સીમાં હરણમાં કપાયેલાં માથાં વાળ અને લોહી જોયું છે. આ લોક ખુબ ખતરનાક છે. તેમનામાં દયાનો છાંટોય નથી.'

'હાં, બેટા આ લોકો સાચે જ પ્રાણીઓને ખૂબ જ ક્રૂરતાપૂર્વક મારી નાંખે છે. ખેર! અત્યારે એ બધું મૂક પહેલાં આપણે આપણું કામ કરીએ. જરા પગ ઉપાડ. પછી એ બંને જલ્દી જલ્દી ચાલવા લાગ્યા. ચારે બાજુ લીલું ઘાસ અને હરિયાળી છવાયેલી હતી. ઊંચા ઊંચા વૃક્ષોની વચ્ચે વચ્ચે જંગલી છોડવાઓ ઉગી નીકળ્યા હતા. કયાંક કોઇ ફૂલની અલક પ્રકારની સુવાસ આવતી હતી તો કયાંક વળી પાકેલાં ફળની ગંધ આકર્ષિત કરતી હતી. જંગલનું આખું વાતાવરણ હર્યુંભર્યું લાગતું હતું અહીં એક અજબ પ્રકારની શાંતિનો પણ અનુભવ થતો હતો. જાણે કે કોઇ અદ્ભૂત જગ્યાએ આવી ગયાં ન હોઇએ. અહીં જે નિરાંત મળે છે તે બીજે કયાંક ન મળે. તેનો વિચાર કરતાં બંને આગળ વધતાં હતા. ઉપર દેખાતા પહાડોના પથ્થર એવાં સુંદર કોતરાયેલા દેખાતા હતા તેના આકારોને જોઇને એમ લાગતું હતું કે જાણે પ્રકૃતિએ હાસ્ય વેરવા તેને કોતર્યાં ન હોય! ગાઢ અને ઘટાદાર વૃક્ષોનાં ઝૂંડમાંથી તેમણે એવી જગ્યા પસંદ કરી જયાં પાંદડાના ઢગલાં પડ્યા હતા. અહીં નીચે બેસી બંને પાંદડા ભેગાં કરવાં લાગ્યા. કજરી જયારે પાંદડા ભેગા કરતી હતી ત્યારે તેનો હાથ વારંવાર જમીનને સ્પર્શતો હતો. તેને માટીનો સ્પર્શ બહુ ગમતો હતો. કેમ કે, માટી જ સૃષ્ટિનું પહેલું અને અંતિમ સત્ય છે. માનવ આ માટીમાંથી પેદા થયો ને માટીમં જ મળી જવાનો છે. કજરીને એ સમજાતું નથી કે તો પછી માનવ આટલો બધો ભ્રમમાં જીવીને અભિમાન શા માટે કરે છે. જયારે જૂઓ ત્યારે પૈસાની પાછળ ભાગે છે. કોઇને પણ દગો દે છે, એવું તે શા માટે કરે છે. તેણે મગજને ઘણું કસ્યું છતાં મગજમાં કંઇ બેઠું નહીં. તે આવું બધું વિચારતી વિચારતી પોતાનું કામ પૂરું કરી રહી હતી. પાંદડાનાં ચાર પાંચ પોટલાં થઇ ગયાં હતા. બાપુએ કહ્યું કે બળદગાડામાં એ ભરી લાવશે. કેમ કે, પાંદડાના આ પોટલાં બહુ ભારે છે. જેથી અત્યારે ફક્ત એક જ પોટલું લઇ લઇએ. કજરીએ કહ્યું સારું અને પછી એ બંને જણાં જંગલની શાંત પગદંડી પર ચાલવા લાગ્યાં. જે તેમના ઘર તરફ જતી હતી. સૂરજ ધીરે ધીરે ઉપર ચડતો જતો હતો. ઝાડના ઝૂંડમાંથી ચળાઇને કિરણો આવતા હતા. તે જોઇ કજરી ખુશ થતી આગળ વધતી હતી. દિશાઓ જાણે કે, હસી રહી હતી. જંગલનાં પર્ણો, ફૂલોને લચી પડતાં વૃક્ષની ડાળીઓ તેના તરફ લંબાતી. કયાંક તેના પર ફૂલો વરસમાં તે આ બધું ભેગું કરી ખોળામાં ભરી લેતી હતી.

જંગલની કેડી વાંકી ચુંકી હતી. અને તેની આસપાસ અણીયાળા પથ્થરો પણ વિખરાયેલાં પડ્યા હતા. પરંતુ કજરી અને તેના બાપુના પગમાં એ પથ્થર કયારેય વાગતા નહીં. કારણ કે એ પથ્થરો કેવળ ઉપરથી કઠણ હતાં અંદરથી ખૂબ જ નરમ. આ વાત કોઇ કોઇને જ સમજાતી હોય છે.

જંગલની બહાર નીકળતાં જ ઝડપભેર તેઓ પોતાની ઝૂંપડીએ પહોંચ્યા. પછી જલ્દીથી બધું મૂકીને બંને પોતાપોતાના કામે નીકળી પડ્યાં. કજરી એ દફતર લીધું, તેમાં ચોપડાંઓ મુકી અને નિશાળે જવા નીકળી પડી. બાપુ લાકડાં વેચવા ગામના હાટ તરફ ચાલી નીકળ્યાં.

(ક્રમશઃ)

- vanvihari@gmail.com

# 'હું નફરત નહીં કરું' ના કથાનાયક ડો. ઇઝેલદીન અબુલૈશ પણ ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચે શાંતિ - સંવાદ સ્થપાય તે માટે ઝઝૂમતા રહે છે

**પારિજાત**
**- રેખા ભટ્ટ**

"જો તો કો કાંટા બુવે તો
હિ બુવ તું ફૂલ
તોરે ફૂલ કે ફૂલ હૈ વાકો
હૈ તિરસૂલ"
**- સંત કબીર**

માર્ટિન લ્યૂથર કિંગે કહ્યું છે કે, "જે બાબતો માનવીને સ્પર્શે છે તે અંગે જેઓ ચૂપ રહે છે તેઓનું જીવન ત્યાં જ પૂરું થાય છે." આજના આ યુગમાં પણ સમગ્ર વિશ્વ - આખોયે આપણો સમાજ કેટલીય બાબતો અંગે આજે પણ સંઘર્ષ કરી રહ્યો છે - જેવી કે બિમારી, ગરીબી, નિરક્ષરતા, આક્રમણ અને યુધ્ધો. અને પરિણામે પરસ્પર નફરત ઊભી થાય છે. વૈમનસ્ય ઊભું થાય છે. વર્ષો સુધી હળીમળીને સાથે રહેતા લોકો એકબીજાના દુશ્મનો બની જાય છે. અને તેનો ભોગ બને છે નિર્દોષ કુટુંબો.

આજે પણ કેટલાક દેશો વચ્ચે પરસ્પર અવિરત યુધ્ધો થયા જ કરે છે. આપણા જેવા લોકો જેમને યુધ્ધ સાથે કોઇ લેવા દેવા નથી અથવા યુધ્ધ સ્પર્શતું નથી તેમને યુધ્ધની ગંભીરતાનો ખ્યાલ ન આવી શકે તે સ્વાભાવિક છે. પણ અહીં એક એવા પરિવારની વાત છે જે સતત યુધ્ધના ઓથાર હેઠળ જ જીવન ગુજારે છે. જેનો જન્મ જ રાહત કેમ્પમાં થયો હોય અને સતત અભાવ - સંઘર્ષમાં બાળપણ વિત્યું હોય અને એ યુધ્ધનો પછડાયો આખાયે જીવન પર પથરાયેલો હોય તે જ સમજી શકે યુધ્ધની ભીષણતા અને તેનાં ભયંકર પરિણામો. એવી જ વાત છે ડો. ઇઝેલદીન અબુલૈશની. 'હું નફરત નહીં કરું.' ના કથાનાયક ડો. ઇઝેલદીન અબુલૈશ પણ ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચે શાંતિ - સંવાદ સ્થપાય તે માટે ઝઝૂમતા રહે છે. અનેક અંગત કરૂણ ઘટનાઓ વચ્ચે પણ અહિંસા, સર્વધર્મ સમભાવ, પ્રેમ, શાંતિ, સંવાદ દ્વારા પ્રશ્ન ઉકેલાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે.

ડો. ઇઝેલદીન ગાઝાપટ્ટીના એક રાહત કેમ્પમાં જન્મ્યાં છે. અનેક અભાવો અને ગરીબાઇ વચ્ચે તેમનું બાળપણ વીત્યું છે. મજૂરીકામ કરીને અભ્યાસ કર્યો છે. અને ભારે પરિશ્રમ દ્વારા જે ડોક્ટર બનેલ છે. તેઓ વંધ્યત્વ દૂર કરવાના ઇઝરાયેલની હોસ્પિટલમાં તે પ્રથમ પેલેસ્ટીયન ડોક્ટર છે. જીવનભર પોતે પેલેસ્ટીયન હોવાના લીધે અપમાન - તિરસ્કાર - પરેશાની વેઠતા રહે છે. છતાં ચિત્તમાં




કડવાશ રાખ્યા વિના ઇઝરાયેલે પેલેસ્ટાઇનની વચ્ચે શાંતિ-સંવાદ સ્થપાય તે માટે પ્રયત્નશીલ રહે છે. પોતાના બાળકોને તેવા જ સંસ્કાર આપે છે. તેઓ ઇઝરાયેલની વંધ્યા મહિલાઓની સારવાર કરે છે. ત્યારે પેલેસ્ટાઇન સાથીઓ કહે છે, "જે ઇઝરાયેલી બાળકો જન્મશે તે આપણા પર જ બોમ્બ ફેંકશે તું શું કામ એમની સારવાર કરે છે? ત્યારે જવાબમાં ડો. ઇઝેલદીન કહે છે - અમે બધાં ભેદભાવ હોસ્પિટલની બહાર મુકીને અંદર દાખલ થઇએ છીએ. જીવનને બચાવવું એ અમારો ધર્મ છે. દાખલ થઇએ છીએ. જીવનને બચાવવું એ અમારો ધર્મ છે. આમ તેઓ, બે દેશો વચ્ચે 'સેતુ' બનવા ઇચ્છે છે.

ડો. ઇઝેલદીન પરદેશમાં છે ત્યારે તેમની પત્નીને 'લ્યુકેમિયા' થાય છે. તેની પાસે પહોંચવામાં તેમને એરપોર્ટ અને ચેકપોસ્ટ પર રોકવામાં આવે છે. અને પરેશાન કરવામાં આવે છે. પરિણામે મૃત્યુના આરે ઉભેલી પત્નીને મળવામાં વિલંબ થાય છે. અને બેભાન પત્ની મૃત્યુ પામે છે. ડો. ઇઝેલદીન પોતે બંને દેશો ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન - વચ્ચે શાંતિ સ્થાપવા સતત પ્રયત્નશીલ છે છતાં તેમના ઘર ઉપર જ ઇઝરાયેલી લશ્કર બોમ્બમારો કરે છે. જેમાં તેમની ત્રણ પુત્રીઓ અને ભત્રીજી મૃત્યુ પામે છે.

તેમના પોતાના શબ્દોમાં કહીએ તો, "૧૫ જાન્યુઆરી, ૨૦૦૮ નું સવાર અન્ય જેવું જ હતું. બહાર એટલી ધૂળ અને રાખ ઉડતી હતી કે કંઇ દેખાતું નહોતું. સતત બોમ્બમારાથી મકાન અને અમારા હાડકાં ધ્રુજી જતા હતા. તેમ છતાં હું બાળકો સાથે વાત કરતો હતો. ત્યાં જોરદાર ધડાકો થયો. તેનો અવાજ મારા શરીરમાંથી પસાર થઇ ગયો. પ્રકાશનો ચમકારો પણ જોયો. ધૂળના ગોટા ઓછા થયા ત્યારે મને ખ્યાલ આવ્યો કે આ ધડાકો મારી પુત્રીઓના રૂમમાં થયો હતો. આખા રૂમનું દૃશ્ય ભયંકર હતું. મારી પુત્રીઓનાં શરીરના ભાગો છૂટા થઇને ચારેબાજુ વેરાયેલા પડ્યા હતા.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૪મી જુલાઇ**

- ઇટાલીને સ્વતંત્રતા બક્ષનાર જિસેપ ગેરીબાલ્ડીનો જન્મદિન. ત્રણ અઠવાડિયામાં ઇટાલીયન ધ્વજ ફરકાવી વિદેશીઓનાં હાથમાંથી ઇટાલીને મુક્ત કરનારા આ રાષ્ટ્રવીરનો જન્મ ૧૮૦૦ ની ૪ થી જુલાઇએ થયો હતો.
- અમદાવાદની જુમ્મા મસ્જિદ પાસે જેની દફનવિધિ થઇ તેવા સુલતાન અહમદ શાહ-૧ નું અવસાન.
- રેડિયમી ક્રાંતિકારી



શોધ કરનારા - નોબેલ વિજેતા મેડમ કયુરીનો જન્મ - ૧૯૩૪.
- બેલુર મઠ ખાતે ૧૨-૧-૧૮૬૩માં ૩૯ વર્ષની



નાની વયે સ્વામી વિવેકાનંદનું અવસાન.
- બ્રિટીશ મિલિટરી એન્જિનિયર જોર્જ એવરેસ્ટ - જેનર નામ પરથી દુનિયાના સર્વોચ્ચ પર્વત શિખરને માઉન્ટ એવરેસ્ટ નામ અપાયું. તેનો જન્મ ૧૮૭૦.
- ૧૭૭૬ - અમેરિકાનો મુક્તિ દિન. D.S.A. ની સ્થાપના.

# ઉપર છલ્લી એમ નાડ પકડવાથી, ડોકટર હાથ નહીં લાગે, વગર પ્રેકટીસે દરદ પારખવાથી, દવા પણ કામ નહીં લાગે

**Hello ફ્રેન્ડસ!**
**- સંજય થોરાત**

સમાજમાં ડૉકટરનું સ્થાન ભગવાન પછીનાં સ્થાને કે કયારેક ભગવાનથીય ઉપર છે. ૧લી જુલાઈએ ડૉકટર્સ ડે મનાવાય છે. દરેકની જિંદગીમાં કયારેક ને કયારેક સંજીવની બનેલાં ડૉકટરોને શુભેચ્છાઓ, સાથોસાટ આજે એકાદ મહિના પહેલાં અમદાવાદ સિવિલથી પથિકાશ્રમ સુધી બે મેડિકલનાં વિદ્યાર્થી સાથે કરેલી બસ પ્રવાસમાં એમણે વર્ણવેલી વાતો અને લાચારી આંખો ખોલનારી છે...

''સાડા પાંચ અમે શું ભણ્યાં? એનો જવાબ અમારી પાસે નથી. એમ.બી.બી.એસ. થયાં, ઈન્ટર્નશીપ પતી ગઈ, તો પણ અમે એક 'સક્ષમ ડૉકટર' બન્યાં એવું અમને લાગતું નથી, એકાદો પૅશન્ટ જો અમારી પાસે દવા લેવા આવશે તો? આ વિચાર માત્રથી અમને બીક લાગે છે.'' રાહુલ અને નિકુલની વાતની શરૂઆત જ કંપાવનારી હતી!!

ઈન્ટર્નશીપનો અમારો અનુભવ સારી-ખરાબ ઘટનાઓથી ખરડાયેલો રહ્યો. આ સમયગાળામાં જ એને પહેલીવાર લોહીનાં નમૂના લીધાં, એનાં પર વિશિષ્ટ લેબલો લગાડી લૅબોરેટરીમાં તપાસ માટે મોકલ્યાં. એ રિપોર્ટની નોંધ રાખી. યુરીન પાસ માટે કેથેટર લગાડ્યા, આવાં ઘણાં કામો કર્યા!! પણ મહત્ત્વનું એટલે આ બધાં કામો અમે પહેલીવાર કર્યાં. ડૉકટરનું ભણતી વખતે અમે આવાં કામો કયારેય કર્યાં નહોતાં. પણ ઈન્ટર્નશીપમાં અમે આટલું તો ભણ્યાં જ, અમને ઑપીડીમાં દર્દીઓનો ઉપચાર જોવા મળ્યો. એમની બિમારીની નોંધ લેતાં આવડી. જરૂર પડી ત્યાં ઉપચારની સલાહ અને દવા પણ લખી આપવાનો મોકો મળ્યો. અમારાં સિનિયર્સ ડૉકટરોએ અમને વખતોવખત માર્ગદર્શન પણ આપ્યું...

એક બાજુ અમને આ સમયગાળામાં કયારેય ન કરેલાં કામો કરવાં - શીખવા મળ્યાં અને એ વાતનો અંદાજ પણ આવ્યો કે ચોક્કસ કયા પ્રકારનાં પૅશન્ટ ઑપીડીમાં આવે છે. અને એમને કઈ રીતે તપાસી રવાનાં કરવાંનાં એવુંય વરિષ્ઠ ડૉકટરોએ શીખવ્યું અને સાથોસાથ તેઓ સતત એવું પણ કહેતાં કે આ બધામાં સમય ના બગાડશો, આનો કંઈ જ મતલબ સરવાનો નથી એનાં કરતાં તમે એમ.ડી. નાં ઍન્ટ્રન્સની તૈયારી કરો!!

સરકારી દવાખાનામાં કામ કરવું સહેલું નહોતું એ અમને અત્યંત શારીરિક અને માનસિક થાક લાગતાં ખબર પડી, કારણ દર્દીઓની સંખ્યા પુષ્કળ હોય છે, ફટાફટ દર્દીઓને તપાસવાની અને કામ પતાવવાની ઉતાવળમાં કામની ગુણવત્તા માત્ર રખડી પડે છે. આ બધામાં નુકશાન માત્ર દર્દીઓનું જ થાય છે. અને કેટલીયે વાર અમારાં સિનિયર્સ તરફથી ફાયરીંગ ખાધું



છે, અને ભૂલ એટલે શું? અમે દર્દીને શુ થાય છે? કયાંથી થાય છે? તમારી દિનચર્યા શું? એવી માહિતી લેતાં બેસીએ અને 'હિસ્ટ્રી' લેવામાં કોઈ કચાશ રાખતા નથી. રેસિડૅન્શીયલ ડૉકટર્સ માટે પૅશન્ટ એટલે ખાલી એક અખતરાં કરવાનું ડૅડ બૉડી જ, એનાં પર અનેક ઉપચાર કરી, અનેક પ્રક્રિયા કરી એમનાં જ્ઞાનનો પ્રયોગ કરવાનું એક સાધન જ!!

આ બધાં જ પૅશન્ટની શું અવસ્થા થાય કે એનાં જીવનું શું થશે? એની કોઈ પરવા જ નહીં, આ બધું ખુલ્લી આંખે જોઈ અમે તો હચમચી જ ગયાં. મગજ ફરી ગયું, અનેકવાર અમને એમ જ થયું કે અમે પૅશન્ટને છેતરીએ છીએ... દર્દી જ શું કામ કયારેક તો ટ્રેઈની તરીકે અમનેય ફસાવે છે એવુંય લાગતું. ડૉકટર ટ્રેઈની તરીકે કામ શું તો, દર્દીના લોહીનાં નમૂના ભેગાં કરતાં રહેવાનું. એ આપણે કેમ કરીએ છીએ? દર્દીને ખરેખર શું થયું છે? એ જોવાની શોધવાની કંઈ જ માહિતી મળે નહીં. ઈન્ટર્નશીપ એટલે મગજ બંધ કરી આંધળા થઈ સિનિયર્સ જેવું કહે એવું જ કરે રાખવાનું, પ્રશ્ન પૂછવાના નહીં, મોંઢું તો જરાય ખોલવાનું નહીં!

એટલે જ સ્તો અમને ઈન્ટર્નશીપનાં સમયગાળામાં એકપણ કેસ જાતે હૅન્ડલ કરવાં મળ્યો નહીં. એકાદ વખત એમર્જન્સીમાં અકસ્માતનાં કેસમાં અમને તક મળી ખરી, પણ એમાંય સ્વતંત્રતા તો નહીં જ. દવાખાનાનાં નાના મોટા કામ કરવાનાં અને આમેય દવાખાનાનાં નાના-નાના છૂટપૂટ કામો ઘણાં હોય છે, અને એ કામોમાં ટ્રેઈની ડૉકટર્સને લગાડાય છે. કાયમ પેલાં શિયાળની જેમ કયારે કાગડાનાં પંજામાંથી પુરી પડે ને અમે ખાઈએ, એમ કયારે અમારાં હાથમાં પૅશન્ટ આવે??

એમ.બી.બી.એસ.માં પ્રવેશ લેતાં પહેલાં અમારૂં પોતાનાં વિશે એક માનવું હતું કે અમે અત્યંત કુશળ, કાર્યક્ષમ, ઉત્તમ ડૉકટર બનીશું એવો આત્મવિશ્વાસ પણ હતો. પણ સાડા પાંચ વર્ષનો અભ્યાસક્રમ ખતમ થઈ ગયાં. આજે ડૉકટર તરીકે એમને પોતાને જ અમને અકાર્યક્ષમ છીએ એવું લાગે છે.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**